ગુજરાત સફાઈ કામદાર બોર્ડને
ગુજરાત સફાઈ કામદાર વિકાસ
નિગમમાં ફેરવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક :–એસસીડબલ્યુ/૧૦૨૦૦૦/મ.૨૬૦/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :– ૧૯ –૬ –૨૦૦૧.

**વંચાણે લીધો :–**

૧. ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૫–૧૦–૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક : ૫૨ચ–૧૦૯૧/૧૬૧૮/જ,

**ઠરાવ :–**

રાજયમાં સફાઈ કામદારોના વિવિધ પ્રશ્નોનું નિરાકરણ કરવા તથા તેમના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ કરવા માટે આમુખમાં દર્શાવેલ તા. ૧૫–૧૦–૧૯૯૪ ના ઠરાવથી ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડની રચના કરવામાં આવી છે. આ બોર્ડની મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ એકટ,૧૯૫૦ તથા મંડળીઓ નોંધણી અધિનિયમ–૧૮૬૦ હેઠળ નોંધણી કરવામાં આવેલી છે. આ બોર્ડ તરફથી સફાઈ કામદારો માટે ગરીબલક્ષી અને તાલીમલક્ષી તથા સ્વરોજગારી માટેની રાષ્ટ્રીય સફાઈ કામદાર નાણા અને વિકાસ નિગમ, નવી દિલ્હીની વિવિધ યોજનાઓની અમલ કરવામાં આવે છે. વધુમાં સફાઈ કામદારોના વિકાસ અને ઉત્થાન માટે રાજય સરકાર તરફથી વિવિધ કલ્યાણકારી અને આર્થિક તથા શૈક્ષણિક વિકાસની યોજનાઓનો અમલ નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ મારફતે અલગ રીતે કરવામાં આવે છે. તે જ રીતે સફાઈ કામદારોના આર્થિક ઉત્કર્ષ માટેની ભારત સરકારના રાષ્ટ્રીય સફાઈ કામદાર નાણા અને વિકાસ નિગમ નવી દિલ્હીની વિવિધ યોજનાઓનો અમલ પણ ગુજરાત સફાઈ કામદાર બોર્ડ તરફથી કરવામાં આવે છે અને તે માટે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર ચેનાલાઈઝીંગ એજન્સી તરીકે કાર્ય કરે છે. આમ સફાઈ કામદારોના કલ્યાણની યોજનાઓનો વિશાળ વ્યાપ જોતાં ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડને નિગમમાં ફેરવવામાં આવે તો ભારત સરકારના રાષ્ટ્રીય સફાઈ કામદાર નાણા અને વિકાસ નિગમની સીધી એજન્સી તરીકે સફાઈ કામદારોની સ્થિતિ સુધારવા માટે તે અગત્યનું પૂરવાર થઈ શકે.

૨. ઉપર જણાવેલ સંજોગોમાં ગુજરાત રાજયમાં સફાઈ કામદારો માટે અલગ નિગમની રચના કરવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબત પરત્વે પુખ્ત વિચારણાને અંતે રાજય સરકાર આથી હાલના ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડને **" ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ લિ. ગાંધીનગર "** ના નામે નિગમમાં ફેરવવાનું ઠરાવે છે.

૩. સફાઈ કામદારોના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે રાજ્યમાં "ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ લિ., ગાંધીનગર" ના મેમોરેન્ડમ ઓફ એસોસીએશન અને આર્ટીકલ્સ ઓફ એસોસીએશનની ભારતીય કંપની અધિનિયમ, ૧૯૫૬ હેઠળ વિધિવત નોંધણી કરવાની રહેશે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાનુ નિયમોનુસાર સર્ટીફીકેટ મેળવ્યાં પછી જ નાણાંકીય ધીરાણ વગેરેની આનુસાંગિક કાર્યવાહી નિગમ કરી શકશે.

૪. ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના કાર્યવાહક મંડળમાં નીચે મુજબ કુલ ૧૫ સભ્યો રહેશે.

(અ) નિગમમાં નીચે મુજબ ૧૧ બિન સરકારી સભ્યોની નિયુક્તિ કરવાની રહેશે.
(૧) અધ્યક્ષ.
(૨) ઉપાધ્યક્ષ.
(૩) અન્ય નવ બિન–સરકારી સભ્યો.

અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ સહિતના તમામ અગીયાર બિન–સરકારી સભ્યો વાલ્મિકી (ભંગી) કોમના હોવા જોઈશે અને તે પૈકી કોઈપણ બે સભ્યો મહિલાઓ રહેશે.

(બ) નિગમમાં નીચે મુજબ ચાર સરકારી સભ્યો રહેશે.

(૧) સંયુક્ત સચિવ / નાયબ સચિવ (સમાજ કલ્યાણ),
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
(૨) નાણાકીય સલાહકારશ્રી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૪) નિગમના મેનેજીંગ ડીરેકટર.
નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને જરૂર જણાયે નિયામક મંડળની બેઠકમાં ખાસ આમંત્રિત તરીકે બોલાવવાના રહેશે.

૫. ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ લિ. ગાંધીનગર માટે પ્રથમ તબક્કે અધિકૃત <u>શેરભંડોળ રૂા.૫ કરોડનું</u> રહેશે અને રાજ્ય સરકાર તેમાં સમયાન્તરે વધારો કરી શકશે. આ અંગે ચાલુ અંદાજપત્રમાં જોગવાઈ ન હોય સરકાર અલગ રીતે અધિકૃત રકમ ફાળવવાની કાર્યવાહી કરશે.

૬. નિગમના આર્ટીકલ્સ તથા મેમોરેન્ડમ ઓફ એસોસીએશનમાં ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડના ઉદેશ્યોનો મહદઅંશે સમાવેશ કરી લેવાનો રહેશે.

૭. આ નિગમને હાલમાં સફાઈ કામદારો માટે રાજય સરકાર, કેન્દ્ર સરકાર કે કેન્દ્ર સરકારની સંસ્થાઓની ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ વતી ગુજરાત અનુ.જાતિ વિકાસ નિગમ દવારા અમલી થતી તમામ યોજનાઓ બચત ફંડ સાથે અને હાલના ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ હસ્તકની તમામ યોજનાઓ સહિતની કામગીરી વિધિવત તબદિલ કરવાની રહેશે. સફાઈ કામદારો માટે સ્વતંત્ર નિગમની રચના થવાથી, રાષ્ટ્રીય સફાઈ કામદાર નાણા અને વિકાસ નિગમ, નવી દિલ્હીનું સીધુ ધિરાણ મેળવી, તે યોજનાનો અમલ કરવાની કામગીરી પણ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમે આ નિગમને સોંપવાની રહેશે. નિગમને કાર્યરત કરવા **કન્સલટન્ટ તરીકે નિષ્ણાંત પાર્ટ ટાઈમ કંપની સેક્રેટરીની અને ચાર્ટડ એકાઉન્ટન્ટની નિમણૂક કરવાની થશે.**

૮. નિગમનું વડું મથક ગાંધીનગર રહેશે.

૯. આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થાય અને નિગમ સ્વતંત્રપણે કાર્યરત થાય ત્યાં સુધી ગુજરાત સફાઈ કામદાર બોર્ડની હાલની કામગીરી ચાલુ રહેશે.

ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડનું નિગમમાં વિધિવત રૂપાંતર થતાં ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ બંધ થયેલું ગણવાનું રહેશે અને બોર્ડની તમામ અસ્કયામતો અને જવાબદારીઓ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને તબદિલ થયેલી ગણાશે. ઉપરાંત બોર્ડમાં મંજૂર થયેલ નીચે જણાવેલ મહેકમ બોર્ડનુ નિગમમાં વિધિસર રુપાંતર થતાં નિગમને તબદિલ થયેલું ગણવાનું રહેશે.

| અ.નં. | હોદો | સંખ્યા | પગાર–ધોરણ |
|---|---|---|---|
| ૧. | સચિવ (વર્ગ–૧) | ૧ | રૂા. ૧૨૦૦૦–૧૬૫૦૦ |
| ૨. | કચેરી અધિક્ષક (વર્ગ–૩) | ૧ | રૂા. ૫૫૦૦–૯૦૦૦ |
| ૩. | હિસાબનીશ | ૧ | રૂા. ૫૦૦૦–૮૦૦૦ |
| ૪. | સીનીયર કારકૂન | ૧ | રૂા. ૪૦૦૦–૬૦૦૦ |
| ૫. | સ્ટેનોગ્રાફર (ગુજરાતી)ગ્રેડ–૩ | ૧ | રૂા. ૪૦૦૦–૬૦૦૦ |
| ૬. | જુનિયર કારકૂન | ૧ | રૂા. ૩૦૫૦–૫૦૦૦ |
| ૭. | ટાઈપીસ્ટ (ગુજરાતી) | ૧ | રૂા. ૩૦૫૦–૫૦૦૦ |
| ૮. | ટાઈપીસ્ટ (અંગ્રેજી) | ૧ | રૂા. ૩૦૫૦–૫૦૦૦ |
| ૯. | ડ્રાયવર | ૨ | રૂા. ૩૦૫૦–૫૦૦૦ |
| ૧૦. | પટાવાળા | ૨ | રૂા. ૨૫૫૦–૩૨૦૦ |

ઉપરોકત જગ્યા પૈકી સચિવની જગા નિગમના **મેનેજીંગ ડીરેકટરની** જગામાં (પગાર–ધોરણ રૂા.૧૨૦૦૦–૧૬૫૦૦) રૂપાંતર થયેલી ગણવાની રહેશે. આ ઉપરાંત હિસાબી કામગીરી માટે **હિસાબી અધિકારી(વર્ગ–૨)** ની નવી જગ્યા ઉભી કરવાની રહેશે.

૧૧. સચિવશ્રી ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ આ અંગેની જરુરી આનુષાંગિક કાર્યવાહી સત્વરે હાથ ધરી નિગમ સત્વરે કાર્યન્વિત થાય તે જોવુ.

૧૨. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની મળેલી મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી. પી. પ્રજાપતિ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા).
મા. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
સર્વે મા. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે રાજ્યકક્ષાના મા.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મા. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
મા.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગ (કે.યુ.શાખા), સચિવાલય, ગાંધીનગર.
નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી.
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત).
સર્વે જિલ્લા મેનેજરશ્રીઓ, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સર્વે શાખાઓ (ગ–શાખા સિવાય).
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટર, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નિયામકશ્રી,રોજગાર અને તાલીમ ગુજરાત રાજ્ય, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ, ગાંધીનગર.
સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, શાસ્ત્રી ભવન, નવી દિલ્હી.
ચેરમેન અને મેનેજીંગ ડીરેકટર, રાષ્ટ્રીય સફાઈ કામદાર નાણા અને વિકાસ નિગમ, નવી દિલ્હી.
સિલેકટ ફાઈલ.